# પ્રાથમિક શિક્ષણમાં સરકારની કૃતજ્ઞતાનો જવાબ – કૃતઘ્નતા !

ગત અઠવાડિયે આ જ કોલમમાં પ્રાથમિક શિક્ષણની "ભૂતિયા વિદ્યાર્થી"ઓની સમસ્યા લઇને ચર્ચા કરેલી. આજે એવી જ અન્ય એક સમસ્યા કે જે પણ શિક્ષકો દ્વારા ઊભી થયેલી છે,, તેના વિશે વિચાર કરીએ.

છેલ્લા કેટલાંક સમયથી પી.ટી.સી.માં પ્રવેશ મેળવવા માટેની પસંદગીમાં ભાઇઓ અને બહેનો એમ બંનેની સખ્યામાં વધારો થઇ રહ્યો છે. જે સારી બાબત જ છે. આમ કરતાં સમાજમાં શૈક્ષણિક અને નૈતિક મૂલ્યોમાં આપોઆપ વધારો થતો જોવા મળશે. છોકરાઓ માટે તો  પી.ટી.સી.માં પ્રવેશ મેળવીને નોકરીની સાથે છોકરી પણ મળી જાય છે. છોકરો કે છોકરી પી.ટી.સી કર્યા પછી લગ્ન માટે એવા જ વ્યકિંતની પસંદગી કરે છે કે જેણે પી.ટી.સી. કરેલ હોય. આમ કરતાં પતિ-પત્ની બંને પ્રાથમિક શાળાના શિક્ષક બની જાય છે. આ રીતે વિચારતાં આજે રાજ્યમાં પ્રાથમિક શાળામાં ફરજ બજાવતાં હજારોની સંખ્યામાં જોડકાં જોવા મળે છે.

શરૂઆતના સમયમાં પ્રાથમિક શાળામાં પતિ-પત્ની જુદા જુદા ગામ, ક્યારેક તો જુદા જુદા જિલ્લામાં ફરજ બજાવતા હતાં. તેમની ફરિયાદ હતી કે પતિ-પત્ની હોવા છતાં સાથે રહી શકતા નથી. પરિણામ સ્વરૂપ આપણી સરકારે પ્રાથમિક શિક્ષણમાં વહીવટી રીતે માનવતાભર્યો નિર્ણય લીધો છે કે- નોકરીમાં પતિ-પત્નીને ભેગાં કરવાનો. એટલે કે પતિ-પત્નીને એક જ જગયાએ અથવા તો ખૂબજ નજીક નજીક નોકરીનું સ્થળ આપવું. આ નિર્ણયને કારણે સરકારી પ્રાથમિક શાળાઓમાં શક્ય હોય ત્યાં સુધી પતિ-પત્નીને એક જ શાળામાં ફરજ બજાવવાની સગવડતા આપવામાં આવે છે. સરકારનો હેતુ ઉમદા છે. કારણકે પતિ-પત્ની સાથે નોકરી કરતાં હોય તો બહેનોને નડતી ઘણી સમસ્યાઓ આપો આપ ઉકેલાઇ જાય છે. પતિ-પત્ની સાથે સાથે રહી શકે, બાળકો પર પૂરતું ધ્યાન આપી શકે, અપડાઉનનું ખર્ચ ઓછું થાય. માનસિક શાંતિ રહે વગેરે. જેથી શાળામાં મુક્ત મને કોઇજ પ્રકારની ચિંતા વગર ઉત્તમ શિક્ષણકાર્ય કરી શકે. શાળા અંગેની ઘેર પણ ચર્ચા કરીને શાળાના કામનું આયોજન કરી શકે, પરંતુ તેનું પરિણામ આઘાત લાગે તેવું પણ છે.

આજે કેટલીક શાળાઓમાં જ્યાં પતિ-પત્ની સાથે નોકરી કરતાં હોય છે ત્યાં તેઓની નિયમિતતા અને કાર્યક્ષમતા પર નકારાત્મક અસર જોવા મળે છે. સાથે નોકરી કરતાં પતિ-પત્નીમાંથી કેટલીક શાળામાં બહેનશ્રી આવતાં જ નથી. જો બહેન આવે તો ભાઇશ્રી આવતા નથી. બહેન શાળામાં ફરજ ઉપર હોય અને ભાઇ અન્ય કોઇ વ્યવસાયમાં રોકાયેલા પણ હોય! ઘણી નાની શાળાઓમાં જ્યાં માત્ર બે જ શિક્ષકો હોય અને તેમાં પણ પતિ-પત્ની સાથે ફરજ બજાવતા હોય તો પત્નીને ભાગ્યે જ શાળામાં આવવાનું બને છે ! સાંભળ્યા પ્રમાણે ક્યારેક મસ્ટરમાં થતી સહીઓ પણ ઘેર થાય છે! આમ સરકારના માનવતાભર્યા વહીવટનો આવો પ્રત્યાઘાત સાંપડતો સાંભળવા મળે છે. આવી ફરિયાદો ઘણીવાર થતી હોય છે, પરંતુ નિરીક્ષણ કરનારા અને ફરજ બજાવનાર વચ્ચે ચોક્કસ બાબતે સમજૂતી થઇ જાય છે અથવા તો કોઇ કડક નિરીક્ષક એકાએક શાળાની મુલાકાતે જાય તો ભાઇશ્રી જવાબ આપે છે કે આજે બહેન રજા પર છે આ રહ્યો તેમનો રજાનો રિપોર્ટ. જે અગાઉથી લખાયેલ જ હોય છે. માત્ર તારીખ જ લખવાની બાકી હોય છે! આમપણ નિરીક્ષકો દરરોજ આવી શાળાનું નિરીક્ષણ કરવા તો જઇ શકવાના નથી. પકડાય ત્યારે રજાનો રિપોર્ટ આપી દેવાય! આ અંગે ફરજ બજાવતા શિક્ષકો, ગામના સરપંચ કે વાલીઓ, નિરીક્ષકો અને

સરકારે વિચારવું જ પડશે. નહીં તો નબળું ગણાતું પ્રાથમિક શિક્ષણ હજુ વધુ નબળું થશે. સરકારે જરૂરી કડક પગલાં પણ ભરવાં પડશે. તેના ઉપાયો પણ ઘણાં છે.

બીજો એક પ્રશ્ન પણ છે. અત્યારે દરેક કર્મચારીને પગારમાં સરકાર તરફથી ઘરભાડું અને વાહનભથ્થું ચૂકવવામાં આવે છે. ત્યારે પ્રશ્નએ થાય છે કે એક જ જગ્યાએ નોકરી કરતાં પતિ-પત્ની એક જ ઘરમાં રહેતાં હોવા છતાં બંને એ ઘરભાડું મેળવવું તે નૈતિક છે? આમ તો આ પ્રશ્ન માત્ર શિક્ષણને જ લાગું પડે છે તેવું નથી. અન્ય સરકારી ખાતાઓમાં અને સચિવાલયમાં નોકરી કરતાં આવાં ઘણાં કર્મચારી પતિ-પત્ની એક જ ઘરમાં રહેતાં હોવાં છતાં બંને વ્યક્તિ ઘરભાડું મેળવે છે. માત્ર ઘરભાડુંજ શા માટે. એક જ વાહન પર જતાં પતિપત્ની બંને અલગ અલગ વાહનભથ્થું પણ મેળવે છે.

સરકારે એક નિયમ કરવો જોઇએ કે સાથે અથવા તો ખૂબ જ નજીકના અંતરે નોકરી કરતાં પતિપત્નીમાંથી એક જ વ્યકિતને ઘરભાડું અને વાહનભથ્થું મળશે. આમ કરવાથી સરકારને આર્થિક ફાયદો થશે. લોકોના લાખો રૂપિયાની બચત થશે. કેટલીક નવી યોજના પણ કરી શકાશે. ઉપરાંત બદલીઓ માટે આવતાં દબાણ પણ ઓછા થશે. આમ સરકારને બંને રીતે ફાયદો જ છે. જો સાથે રહેવું હશે તો ઘરભાડું અને વાહનભથ્થું બચશેં અથવા બદલી માટે કોઇ દબાણ નહીં આવે.